## જન્મદિને વધામણી



રમણલાલ એમ શ્રીમાળી
સહમંત્રી, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ



હિરેન બાબુલાલ પટેલ
ફોન : ૨૩૨૨૫૨૪૧



શીતલભાઈ એ પટેલ
મદદનીશ ખેતી નિયામક
મો. ૯૪૨૮૪ ૮૫૯૯૬



મનીષ સી વૈષ્ણવ
ગાંધીનગર કલ્ચરલ ફોરમ સભ્ય
મો. ૯૦૩૩૪ ૩૧૪૯૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ધોરણ-૧૨ પછી મેનેજમેન્ટ ક્ષેત્રની પસંદગી ઉજ્જવળ કારકિર્દી માટેની કેડી કંડારશે

ગાંધીનગર, તા.૨૬

સમગ્ર રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહ બાદ ધો.૧૨ - સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ પરિણામ ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ત્યારે તેઓ ને ઉજ્જવળ કારકિદી નાં શ્રેષ્ઠ ઉપલબ્ધ વિકલ્પો વિષે માર્ગદર્શન મળે તેઓ નમ્ર પ્રયત્ન કરીએ..સાંપ્રત સમય માં વૈશ્વિક સ્તરે પ્રાઈવેટ સેક્ટર તેમજ સરકારી ક્ષેત્રે મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ ની માંગ ખૂબ મોટા પ્રમાણ માં થઈ રહી છે. આથી મેનેજમેન્ટ નાં વિષયો નાં જાણકાર વિદ્યાર્થીઓ માટે ઉજળી તકો ઉભી થવા જઈ રહી છે. ત્યારે અભ્યાસક્રમ તેમજ તેની સાથે સાથે મેનેજમેન્ટ ની પ્રાયોગિક તાલીમ મેળવેલા સ્નાતક વિદ્યાર્થીઓ તૈયાર થાય તે ખૂબ આવશ્યક છે. અત્રે ઉલ્લેખનીય છે. કે ભારત સરકાર પણ સ્કિલ ડેવલોપમેન્ટ પર ભાર મૂકી રહી છે. ત્યારે આવા સ્નાતક યુવાઓ તૈયાર કરવા તે ઉચ્ચ શિક્ષણ જગત ની નૈતિક ફરજ છે. બીબીએ ડિગ્રી કોર્સ નાં અભ્યાસક્રમ માં મેનેજમેન્ટ ક્ષેત્ર નાં તમામ પાસાઓ ને આવરી લેવા માં આવ્યા છે. બૅંકિંગ ક્ષેત્ર, કૉર્પોરેટ ક્ષેત્ર, વીમા કંપનીઓ, ટેલી કોમ્યુનીકેશન, ઑટોમોબાઈલ, ઈંપોર્ટ- ઍક્સપોર્ટ, સરકારી તેમજ ખાનગી નોકરીઓ,સહિત અનેક ક્ષેત્રો મેનેજમેન્ટ અભ્યાસક્રમ ને પ્રથમ પસંદગી આપવા માં આવે તે સ્વભાવિક પ્રક્રિયા બની ગઈ છે. આથી કારકિદી ની પસંદગી સમયે વિદ્યાર્થીઓ ને બીબીએ જેવા કોર્સ તેમજ મેનેજમેન્ટ ક્ષેત્ર એ સાંપ્રત સમય ની માંગ છે. તેની જાણકારી હોવી આવશ્યક બન્યુ છે.



માર્કેટીંગ, ફાઈનાન્સ, તેમજ હ્યુમન રિસોર્સ જેવા ક્ષેત્રો માં આકર્ષણ ઉભુ થવા નું મુખ્ય કારણ એ છે કે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય ફલક પર મેનેજમેન્ટ ક્ષેત્ર ખૂબ જડપથી વિકસી રહ્યુ છે. જ્યારે ભારત સરકાર મેક ઈન ઈંડિયા થકી વિદેશી મૂડી રોકાણ ને મોટા પાયે દેશમાં આકર્ષી રહી છે. ત્યારે ગુજરાત આ મુડીરોકાણ પ્રાપ્ત કરવા માં મોખરે રહેશે જેના પરિણામ સ્વરૂપે ભારતીય તેમજ વિદેશી કંપનીઓ માં મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ ની માંગ ખૂબ ઉંચા પગાર સાથે પુષ્કળ પ્રમાણ માં થશે તેવુ તજજ્ઞ લોકો સ્પષ્ટ પણે માની રહ્યા છે. બીબીએનાં અભ્યાસક્રમ માં મેનેજમેન્ટ નું તલ સ્પશી જ્ઞાન આપતા કોર્સ ને કારણે ઔધોગીક તેમજ વ્યવસાય અને બિઝનેસ ક્ષેત્રે આવા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અનેક મહત્વપૂર્ણ તક ઉભી થશે. તદઉપરાંત બીબીએ બાદ ઉચ્ચ અભ્યાસ માટે ખૂબ ઉજ્જવળ તકો ઉભી થાય છે. જેમા સી એ, સીએસ , સીએફએ તેમજ આઈસીડબ્લ્યૂએ,જેવા પ્રોફેશનલ કોર્સ માં પ્રવેશ મેળવી શકે છે. તેમજ ડિગ્રી કોર્સ બાદ ઉચ્ચ અભ્યાસ માટે પણ અનેક વિકલ્પો ખૂલે છે. આથી બીબીએ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિદી નો શ્રેષ્ઠ વિકલ્પ બન્યો છે. વ્યાવસાયિક કુશળતા તેમજ સંચાલન કૌશલ્ય એ આજ નાં વ્યવસાયિક ક્ષેત્ર ની તાતી જરૂરીયાત છે. વ્યક્તિત્વ વિકાસ અને રોજીંદા જીવન માં દરેક કાર્ય ને શિસ્તબદ્ધ આયોજન તેમજ સંચાલકિય અભિગમ સાથે પૂર્ણ કરવુ તે મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ ની ખાસિયત કહી શકાય આમ કારકિદી ઘડતર સમયે મેનેજમેન્ટ અભ્યાસક્રમ ને ધ્યાન માં રાખવા માં આવે તો કારકિદી નું સુંદર ઘડતર થવા ની સંભાવના છે.

# આર.એન. લલિતકલા એકેડેમીનો સમરકેમ્પ-૨૦૧૬નો સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમરકેમ્પ-૨૦૧૬નું આયોજન કરવામાં આવેલ. તેનો સાંસ્કૃતિક રંગારંગ પરફોર્મન્સ કાર્યક્રમ તા. ૨૪.૫.૨૦૧૬ના રોજ મંગળવારે સવારે ૯.૦૦થી ૧૨.૦૦ દરમિયાન સંસ્થાના બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાનોમાં સર્વેશ્રી દશરથભાઈ કે. પટેલ પ્રિન્સિપાલ આર.એન. પટેલ પ્રાથમિક શાળા ગાંધીનગર, તથા સચિનભાઈ સોની એચ.ઓ.ડી. મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર તથા આર.એન. લલિતકલા એકેડમીના સંચાલિકા દિનાબેન ડોડિયા ઉપસ્થિત રહી મુખ્ય મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સમર કેમ્પમાં ભાગ લેનાર તાલિમાર્થી તથા શ્રેષ્ઠ દેખાવકારોને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ સમર કેમ્પ દરમિયાન તાલિમાર્થીના કલાગુરુઓમાં સર્વેશ્રી શા ગાયન વાદન સૌરભભાઈ પટેલ અને જીગ્નેશ શુક્લા શા કથક રોશની બ્રહ્મભટ્ટ શા ભરતનાટ્યમ શંકુતલાબેન ઓઝા, વેસ્ટર્ન ડાન્સ જયદિપ ઉપલા અને સંદિપ સોલંકી કરાટેમાં સેન્સાઈ આર. સેલ્વાકુમાર, સ્કેટીંગ વસીમ મનસુરી તથા યોગામાં ભાવિજ્ઞા ઓઝા અને બ્યુટીપાર્લરમાં સોનિયાબેન વ્યાસ ફેશન શોનું નિદર્શન કરવામાં આવેલ.

આ સમર કેમ્પમાં કે.જી થી પી.જી. સુધીના અને હાઉસ વાઈફ મળીને ૧૫૦ જેટલા તાલિમાર્થીઓ જોડાયા હતા. આર.એન. લલિતકલા એકેડમીના સંચાલિકા દિનાબેન ડોડિયાએ આર.એન. લલિતકલા એકેડમીમાં ચાલતી પ્રવૃત્તિઓની રજુઆત કરી પ્રગતિનો સારાંશ આપેલ હતો.

આ રંગારંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો તથા વાલીઓ તથા આમંત્રિતો ઉપસ્થિત કરી કાર્યક્રમને માણેલ હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ યજ્ઞેશ ઓઝાએ કરેલ હતી.

# કડી કેમ્પસની બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓનું નામાંકિત કંપની ATOS-STARમાં પ્લેસમેન્ટ









ગાંધીનગર, તા.૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના સેમિસ્ટર-૬ના ચાર વિદ્યાર્થીઓ અક્ષયકુમાર ઝન્કાત, શુભમ નાયકર, અંશુકુમાર સિંઘ અને ઋતુ જોખાકર એટીઓએસ મલ્ટી નેશનલ કંપનીમાં પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત વધુ માહિતી આપતા કોલેજના પ્લેસમેન્ટ કોઓડીનેટર ડો. રિચા મહેતાએ જણાવ્યું છે કે અલગ અલગ કોલેજો અને યુનિવર્સિટીઓના સ્ઝછ, M.Sc.(IT), B.Sc(IT) અને BCA જેવા વિવિધ કોર્સના લગભગ ૨૦૦ ફાઈનાલિસ્ટ વિદ્યાર્થીઓમાંથી, આ વિદ્યાર્થીઓ એપ્ટીટ્યુડ ટેસ્ટ, ટેકનીકલ રાઉન્ડ, મેનેજમેન્ટ રાઉન્ડ અને એચ.આર. રાઉન્ડ પાસ કરીને નિયુક્ત થયા છે. હવે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ પણ મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી માટે પસંદ થાય છે, જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સારી રીતે કરી શકે તે માટે કોલેજના પ્લેસમેન્ટ વિભાગ અને સ્ટાફ મિત્રો દ્વારા તેઓને સઘન અને સતત માર્ગદર્શન આપવામાં આવે છે. આ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગ રૂપે આ વિદ્યાર્થીઓ માટે સમયાંતરે વિવિધ સેમીનાર અને વોર્કશોપનું આયોજન કોલેજ દ્વારા વિના મુલ્યે કરવામાં આવે છે.

આજના જમાનામાં કમ્પ્યુટર નિષ્ણાતોની ખુબજ માંગ છે ત્યારે ઔદ્યોગિક એકમોની આવી માંગને પહોચી વળવા માટે અમારી કોલેજના BCAના વિદ્યાર્થીઓને સેમિસ્ટર-૨થી જ અભ્યાસક્રમમાં પ્રોજેક્ટને લગતી તાલીમ આપવામાં આવે છે જેના ફળ સ્વરૂપે સેમિસ્ટર-૬ સુધીમાં આ વિદ્યાર્થીઓ વિવિધ ટેકનોલોજીમાં પારંગત થાય છે. જેનો સંપૂર્ણ શ્રેય વિદ્યાર્થીઓની મહેનત અને અધ્યાપકોના માર્ગદર્શનને આભારી છે. ગ્રેજ્યુએટ લેવલ પર ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબ અને કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહ અને કોલેજ પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ઉત્તરોતર પ્રગતિના શિખરો સર કરતા રહે તે માટે શુભેચ્છા પાઠવામાં આવી છે




ધી ચલિવાલય ઉપહાર ગૃહની ૫૦મી વાર્ષિક સાધારણ સભા જૂના સચિવાલય ખાતે મળી હતી. સભાના પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ વાઘેલાની વરણી કરવામાં આવી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠને ‘નેક’ના પહેલા ઈન્સ્પેક્શનમાં ‘A’ ગ્રેડ

ગૂજરાત વિદ્યાપીઠમાં બે મહિના પહેલા નેકની ટીમ દ્વારા ઈન્સ્પેક્શન શરૂ કરવામાં આવ્યું હતું. ૧૦ સભ્યોની ટીમ દ્વારા સળંગ ૪ દિવસ સુધી વિદ્યાપીઠના જુદા જુદા વિભાગોનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલી વખતમાં જ વિદ્યાપીઠને એ ગ્રેડ આપવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવી છે.

વિદ્યાપીઠની સ્થાપના થયાના વર્ષો પછી પહેલી વખત નેક માટે અરજી કરવામાં આવી હતી. ગાંધીજી દ્વારા સ્થપાયેલી વિદ્યાપીઠનું ઈન્સ્પેક્શન કરવા માટે નેકની ૧૦ સભ્યોની ટીમ આવી હતી. આ ટીમે વિદ્યાપીઠના વિવિધ વિભાગો ઉપરાંત સાદરા, રાંધેજા જેવા ગ્રામ્ય કેન્દ્રોની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે પણ સભ્યોએ ચર્ચા કરી હતી. ઈન્સ્પેક્શનના આખરી દિવસોમાં જ તપાસ કમિટીના સભ્યોએ વિદ્યાપીઠની કામગીરીથી સંતોષ થયો હોવાનું સ્વીકાર્યુ હતું. આજે નેક દ્વારા સત્તાવાર રીતે ઈન્સ્પેક્શનનું પરિણામ જાહેર કરી દેવાયું હતું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠને એ ગ્રેડ આપવામાં આવ્યો હતો. કુલ ૩.૦૧ સ્કોર સાથે વિદ્યાપીઠને એ ગ્રેડમાં સ્થાન આપવામાં આવ્યું હતું. પહેલી વખતના ઈન્સ્પેક્શનમાં જ વિદ્યાપીઠ એ ગ્રેડ મેળવવામાં સફળ રહી હતી. જેમાં ખાસ કરીને વિદ્યાપીઠમાં આપવામાં આવતું શિક્ષણ ઉત્તમ છે પરંતુ તેની સાથે સાયન્સ એન્ડ ટેકનોલોજીને પણ વધારે સ્થાન આપવું, ખાસ કરીને વિદ્યાપીઠના પ્રોફેસરો માટે અલગથી વર્કશોપ કરવા, વિદ્યાથીઓ માટે પ્લેસમેન્ટની વ્યવસ્થા ગોઠવવી વગેરેનો સમાવેશ થાય છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦



## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કચ્છ ખાતે કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનો ૭૪નો પ્રાગટ્ય દિન શનિવારે ઉજવાશે. આ ભાવપુષ્પાંજલિ પર્વના કાર્યક્રમે કચ્છ ખાતે મુંગા અબોલ પશુઓ માટે ઘાસ વિતરણ, નાના વાછરડાઓની સારસંભાળ, પશુઓ માટે પીવાના પાણી માટે હવાડાનું બાંધકામ, ઋતુચક્રની અનિયમિતતા નિવારણ માટે વૃક્ષવેલીનો ઉછેર, સંવર્ધન કરવું, મેહુલાના જળસંચય માટે તળાવોનું ખનન વિગેરે કાર્યક્રમો યોજવાનું આયોજન કરવામાં આવેલ છે.

# પ્રશ્નો વધ્યા કારણ કે પ્રબંધન થયું સંવેદનાવિહીન !

**આ બધાના પાયામાં પ્રબંધનની રૂક્ષતા-જડતા રહી છે, સંકટ સમયે પણ રજા મંજૂર ના કરવી, અથવા દવાખાનેથી સારુ જણાયો તો ફરજ પર હાજર થઈ જાઓ અથવા હવે રજા નહીં મળે - આ બધી બાબતો વ્યક્તિના તથા તેના પરિવારના સુખદુઃખ સાથે જોડાયેલી છે**




સુખ કે સબ સાથી, દુઃખ મેં ના કોઈ... એવું મહંમદ રફીનું એક ફિલ્મી ગીત શ્રોતાઓને અવશ્ય સ્પર્શી જાય છે. કેમ કે તેના શબ્દોમાં જીવનની બધી સચ્ચાઈને બ્યાન કરવામાં આવી છે. સંસાર એ હરદમ કંસાર બની રહેતો નથી! જીવનના દરેક તબક્કે વ્યક્તિ વિવિધ પ્રકારની લાગણીઓ અને સંવેદનાઓની અનુભૂતિ કરતો રહે છે. સ્ત્રી હોય કે પુરુષ એ બંનેને ઈશ્વરે જુદી જુદી નૈસર્ગિક જવાબદારીઓ અને કર્તવ્યો સોંપેલા છે એલે ટકરાવ મતભેદ, મતમતાંતર ને કદી નિવારી શકાય તેમ નથી. ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે માયા એ મારું સર્જન છે જો માયા ને દૂર કરી દઈએ તો સંસારના વ્યવહારો જ અર્થહિન, રસહિન, નકામા બની જાય અને લોકો જીવન જીવી શકે તેવું રહે જ નહીં. સમાજ પાસે સદ્ગ્રંથો ઉપનિષદ, સંસ્કૃતિ, ભાવવિશ્વના દૃષ્ટાંતો છે તેમાંથી કંઈક સારી બાબતો વ્યવહારમાં ઉતારે તો જીવનદષ્ટિમાં પણ ચોક્કસ પરિવર્તન આવી શકે છે. આજે સમાજ પ્રતિદિન કઠોર, રૂક્ષ અને બુઠ્ઠો થઈ રહ્યો છે એ મોટી કરુણતા છે.



પ્રશ્નો સતત વધતા જાય છે, વસ્તી વધતી જાય છે. વૈશ્વિક સ્પર્ધા અને તનાવ વધતા જાય છે એટલે પ્રત્યેક ઘરના ઊંબરે ઉદાસિનતા ઊભી છે જે આપણે કરેલી રંગોળીના રંગો ને નષ્ટ કરવા તત્પર છે. ઘર-પરિવાર ચલાવવા માટે માણસ કંઈક તો પ્રવૃત્તિ કરે છે જેનાથી અર્થ ઉપાર્જન થાય તે બાબતમાં આજે ભયાનક સ્થિતિનું સર્જન થયું છે. અગાઉના વર્ષોમાં મોટા પરિવારમાં એકાદ મુખ્ય વ્યક્તિ કમાય અને ઘર નભી જતું હવે આ હાલત જોવા મળતી નથી! માણસના વહીવટીતંત્રમાં હવે કાર્ય વૈવિધ્ય, હરિફાઈ, લક્ષ્યાંકો, પરિણામ લક્ષી ઉપાધિ અને પ્રબંધનની સતત કાર્ય માટે દોરવણી તથા દબાણ આવી ગયા છે. પ્રબંધન એટલે માત્ર હુકમનું પાલન, કોઈ જ વિચાર મંથન અભિપ્રાયની આપ-લે, ઈત્યાદિ હવે લુપ્ત થઈ રહ્યાં છે!!

દરેક એકમ એ ખાનગી હોય કે સરકારી કે સહકારી એ પ્રત્યેકમાં ઉચ્ચ પ્રબંધન સતત ઉમદા પરિણામોની ઝંખના રાખે છે તો બીજી જોબ માટે વિકલ્પો ઘટી જતા ખુબ જ ઉચ્ચ લાયકાત વાળા નવી પેઢીના કર્મચારીઓ સામાન્ય વહીવટી જોબમાં નાછૂટકે ગોઠવાય ત્યાંથી અજંપો શરુ થાય છે, બીજો તબક્કો છે પગારની જગ્યાએ વાર્ષિક પૅકેજ જે મહંદશે નાનુ હોય અથવા કરાર આધારિત જોબમાં આર્થિક દષ્ટએ સંતોષ હોતો નથી. ત્રીજી બાબત એ છે કે બધાને માર્કેટમાં ટોચ ઉપર જ કે પ્રથમ રહેવાનું પાગલપન છે જે ખતરનાક હોય છે, ચોથી વાત છે એ પ્રબંધન સંવેદનશીલ કે તાર્કિ પણ રહ્યું નથી. કર્મચારી એક જીવંત વ્યક્તિ છે જે બધા કામને મોનિટર કરે છે કે કંટ્રોલ કરે છે જે વિશે કોઈ વિચારતું નથી. ઉત્પાદનના જે વિવિધ અંગો છે તેમાં શ્રમિક લાગણીપ્રધાન અને ઉપભોક્તા પણ હોય તે હંમેશા ભૂલી જવાતું હોય છે. યોગ્યતા મુજબની કાર્ય વહેંચણી કરવામાં હજારો વિઘ્નો અને પક્ષપાતો રહેલા જોવા મળે છે. કહેવાય છે કે તમે તમારા માણસોને સંભાળી લો અને તેઓ બાકીનું તમારું બધું સંભાળી જ લેશે, પરંતુ આજનું પ્રબંધન આવું કરવા તૈયાર નથી! વિશ્વાસ અને શ્રદ્ધાએ જ મૂકી શકે જેનામાં આ બંને ગુણો હોય. પ્રબંધન એટલે માત્ર જોહુકમી અને તે પણ સામી વ્યક્તિના મત-અભિપ્રાય ને ધ્યાનમાં લીધા વિના એટલે પરિણામ નકારાત્મક આવવા લાગે છે. ક્વૉલિટી સર્કલ જેવી ઉમદા પ્રવૃત્તિ લગભગ નષ્ટ થઈ ગઈ છે કેમ કે હવે કોમ્પ્યુટર્સ આધારિત અભ્યાસ-નિરીક્ષણ કરીને સીધા ઈ-મેઈલ થઈ રહ્યા છે અને પરિણામમાં સુધારણા ના દેખાય તો કર્મચારીને પાણીચું આપવામાં કોઈને શર્મ કે સંકોચ રહ્યો નથી પછી પ્રશ્નો વધે નહિં તો શું વધે? આ ઉપરાંત દિલથી ખરા અર્થમાં ઉત્કૃષ્ટ કામ કરનારને જાહેરમાં નવાજવાની પ્રથા પણ નહીવત થઈ ગઈ છે. પ્રબંધન હવે એવું કહે છે કે પગાર મલે છે ને કામ કરે છે તો નવાઈ શી કહી શકાય? પ્રોત્સાહન હવે ભૂતકાળ થઈ ગયા છે.

ઉપરની ચર્ચાને જો વાસ્તવિકતા સાથે માપવી કે જાણવી હોય તો હાલના પબ્લીક સેકટર બેન્કીંગ સંસ્થાઓમાં કેટલા લોકો સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા છે અને તે શા માટે ઉચ્ચ કહી શકાય તેવા પગાર અને ભથ્થા છોડીને જઈ રહ્યા છે તે તપાસી જુઓ તો સત્ય સમજાશે. ખાનગી કંપનીઓમાં છાશવારે લોકો જોબ ત્યજીને જતા રહે છે! આ બધાના પાયામાં પ્રબંધનની રૂક્ષતા-જડતા રહી છે. સંકટ સમયે પણ રજા મંજૂર ના કરવી, અથવા દવાખાનેથી સારુ જણાયો તો ફરજ પર હાજર થઈ જાઓ અથવા હવે રજા નહીં મળે - આ બધી બાબતો વ્યક્તિના તથા તેના પરિવારના સુખદુઃખ સાથે જોડાયેલી છે. ચીન જગતના સ્પર્ધકોમાં અગ્રેસર છે પરંતુ ત્યાંના શ્રમિકોનું ભારોભાર શોષણ થઈ રહ્યું છે તે હકીકત છે. વ્યક્તિના યોગદાનની કદર કરવી, ઝડપથી તેના મતને સાંભળવો, લક્ષ્યાંકો જ માત્ર નહીં જોવા, માનવીય અભિગમથી નિર્ણયો લેવા એ હવેના પ્રબંધનમાં આવશ્યક છે આપણે લઘુત્તમ વેતન જેવા મુદ્દાની ચર્ચા કરતા નથી પરંતુ માણસથી માણસને કામ લેવાનું હોય ત્યારે અભિગમનું પરિવર્તન તાતી જરૂરિયાત છે. અંતમાં સુંદર શૅર :

“હવે જિંદગી તું વધુ કસોટી ના કર્યા કર,
હું હોઈશ તો છે બધું, બાકી ક્યાં વધ્યું છે હવે?”

## પિપલ્સ લિગ્વિસ્ટીક સર્વે ઑફ ઈન્ડિયાના ગુજરાત, દીવ, દમણ અને દાદરા, નગર હવેલીના ગ્રંથનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે, પિપલ્સ લિગ્વેસ્ટીક સર્વે ઑફ ઈન્ડિયાના ગુજરાત, દીવ, દમણ અનો દાદરા નગર હવેલીના ભાષાઈ ગ્રંથનું લોકાર્પણ કર્યુ હતું.

રાજયપાલશ્રીએ જણાવ્યુ હતુ કે ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્ર વડોદરાએ ભાષાઓના સર્વેક્ષણની અદ્ભૂત કામગીરી કરી છે, જે અભિનંદનને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે ભાષાથી સંસ્કૃતિ જીવિત રહે છે. વિવિધ સમાજોની પરંપરાઓ અનો રીતિરિવાજોના જતન માટે ભાષા એ મહત્ત્વનું માધ્યમ છે. ભાષાઓનાં સંરક્ષણ થકી આપણે આપણી લુપ્ત થતી સાંસ્કૃતિક સંપદાને સુરક્ષિત રાખી શકીએ છીએ. રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે ભાષાના માધ્યમથી સમાજ પોતાની સંસ્કૃતિના મૂળ સાથે જોડાયેલો રહે છે.

તેમણે જણાવ્યું હતું કે ભાષાકીય વિવિધતા અને ભાષાઓ સાથેના વ્યાપક અનુબાંધ છતાં આપણે ભાષાકીય સંશોધન કાર્ય વધુ કરવાની જરૂરિયાત છે. વિશ્વ વિદ્યાલયોમાં ભાષાશાસ્ત્ર વિભાગને સમૃદ્ધ બનાવવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો.

ભાષા કેન્દ્રના સંસ્થાપક પ્રાધ્યાપક કાનજીભાઈ પટેલ તથા ઑરિયેન્ટલ પ્રકાશન સંસ્થાને ગ્રંથ નિર્માણ માટે રાજયપાલશ્રીએ અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ભાષા, નવી દિલ્હીના અધ્યક્ષ ડૉ. કે. કે. ચક્રવર્તી અનો લેખક સાહિત્યકાર ડૉ. હસુ યાત્રિકે જણાવ્યું હતું કે ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ ગ્રંથ અધ્યયનકર્તાઓને ખૂબ જ ઉપયોગી નીવડશે.

જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત શ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે ગુજરાતી ભાષામાં ભાષાકીય સર્વેક્ષણ અંગે તૈયાર કરાયેલ ગ્રંથ એ ભાષાઓના જ્ઞાનકોષની જેમ છે. તેમણે પ્રાધ્યાપક ગણેશ દેવી અનો તેમના સહાયકોનો અભિનંદન આપ્યા હતા.

આ સમારોહમાં નામાંકિત લેખક-સાહિત્યકાર, શિક્ષાવિદો તથા બૌદ્ધિકજનો ઉપસ્થિત રહ્યા હતા.